# જો મારે વી.ડી.યુ. પર કામ કરવાનું હોય  તો શું હું આંખની તપાસ કરાવવા માટે હકદાર છું? (Am I entitled to an eyesight test if I work on a VDU?)

વી.ડી.યુ.ના કામને આવરી લેતા રેગ્યુલેશનો, હેલ્થ એન્ડ સેફ્ટી (ડિસ્પ્લે સ્ક્રીન ઈક્વિપમેન્ટ) રેગ્યુલેશન્સ 1992 છે.

રેગ્યુલેશન 5, આંખની તપાસની સુવિધા પૂરી પાડવાની એમ્પ્લોયરોની જવાબદારીને આવરી લે છે, અને તે જણાવે છે કેઃ

જ્યાં કોઈ વ્યક્તિ -

- આ રેગ્યુલેશનો જે તારીખથી અમલમાં આવ્યા ત્યારે પહેલેથી જ વી.ડી.યુ. વાપરતી હોય; અથવા
- એવી કામદાર હોય જે તેના સામાન્ય કામના મહત્વના ભાગ તરીકે ડિસ્પ્લે સ્ક્રિન ઈક્વિપમેન્ટનો નિયમિત ઉપયોગ ન કરતી હોય, પણ તેને જે નોકરીમાં પહેલેથી રાખવામાં આવી હોય તેની શરત હેઠળ તે ઉપયોગ કરવાની હોય,

તો તેના એમ્પ્લોયરે ખાતરી કરવી જોઈએ કે, તેની વિનંતી પર તેને યોગ્ય આંખની અને દ્રષ્ટિની તપાસ કરાવવાની ગોઠવણ કરી આપે, આવી કોઈ પણ તપાસ તે માટે કુશળ વ્યક્તિ દ્વારા કરવામાં આવવી જોઈએ.

આ માર્ગદર્શિકા જણાવે છે કેઃ
વિનંતી કરવામાં આવ્યેથી આંખની અને દ્રષ્ટિની યોગ્ય તપાસની સુવિધા પૂરી પાડવાની ખાતરી કરવાની એમ્પ્લોયરોની ફરજ છેઃ

- જ્યારે રેગ્યુલેશનો અમલમાં આવ્યાં ત્યારે પહેલેથી જ આ સાધન વાપરનારાં તેનાં કામદારો માટે;
- અને (તે પછી) આ સાધન નહિ વાપરતાં કોઈ પણ કામદારો જેઓ બાદમાં તે વાપરવાનાં હોય તેમના માટે.

પોતાની નોકરીમાં ન હોય તેવાં કોઈ પણ લોકોની આંખની અને દ્રષ્ટિની તપાસ કરાવવાની સુવિધા પૂરી પાડવાની કોઈ ફરજ એમ્પ્લોયરો ઉપર આ રેગ્યુલેશન નાંખતો નથી, જેમ કે નોકરી માટે અરજી કરનારાં ઉમેદવારોને. પરંતુ, જો કોઈને કામ પર રાખવામાં આવ્યાં હોય અને તેઓ ડિસ્પ્લે સ્ક્રિન ઈક્વિપમેન્ટનો ઉપયોગ કરનારાં બનવાની હદ સુધી તેની પર કામ કરવાનાં હોય ત્યાં, રેગ્યુલેશન 5(1)(b) લાગુ પડે છે. એટલે, જ્યાં આ પ્રકારના નવા કામ પર રાખવામાં આવેલા કામદાર - તેઓ તેમની અગાઉની નોકરીમાં જુદી શરતો હેઠળ તેનો ઉપયોગ કરનારાં હોય કે નહિ - તેઓ જો વિનંતી કરે તો તેમના માટે આંખની અને દ્રષ્ટિની યોગ્ય તપાસ કરાવવાની ગોઠવણ તેમના નવા એમ્પ્લોયરે કરી આપવી જોઈએ. રેગ્યુલેશન 5(2)(b)ની શરત અનુસાર, નવા ભરતી થનારા કામદાર આ સાધન વાપરનારાં બને તે પહેલાં આ તપાસ કરવામાં આવવી જોઈએ. આનો અર્થ એવો નથી કે નવા ભરતી થનારા કામદાર કોઈ ડિસ્પ્લે સ્ક્રિનનું કામ શરૂ કરે તે પહેલાં તેમની તપાસ કરાવવામાં આવવી જરૂરી છે, પરંતુ કોઈ પ્રકારનું ડિસ્પ્લે સ્ક્રિનનું નોંધપાત્ર પ્રમાણમાં કામ કરતાં પહેલાં, જો તે કામને તેમના રોજિંદા સામાન્ય કામના મહત્વના ભાગ તરીકે ગણવામાં આવવાનું હોય તો, (જો તેઓ વિનંતી કરે તો) તેમને તપાસ કરાવવાની ગોઠવણ કરી આપવામાં આવવી જોઈએ

### સંદર્ભો (રેફરન્સો)


L26, Displa screen equipment at work, (ISBN 0717625826 - એચ.એસ.ઈ. બુક્સ પાસેથી મળી શકે છે).

- **Working with VDU's' – મફત પત્રિકા**